# કહેવત ભંડાર

કહેવત અને રૂઢિપ્રયોગ એટલે ભાષા લાઘવનો શ્રેષ્ઠ નમૂનો. જે વાત સમજાવતાં જીભના કૂચા વળી જાય તે વાતને થોડાં શબ્દોમાં વધુ સચોટ રીતે ગળે ઉતારવાનું કામ કહેવત અને રૂઢિપ્રયોગ કરી શકે. અત્રે જમા કરવામાં આવેલો કહેવત, રૂઢિપ્રયોગ અને તળપદા શબ્દનો ભંડાર જાણવા જેવો છે, માણવા જેવો છે અને વખત આવ્યે જરૂર પડ્યે દાંત કચકચાવીને ઉપયોગમાં લેવા જેવો પણ છે !

**અ – અં**

1. અક્કડ ને અક્કડ રહેવું
2. અક્કરમીનો પડીઓ કાંણો
3. અક્કલ ઉધાર ન મળે
4. અક્કલનો બારદાન
5. અક્કલનો ઓથમીર, મંગાવી ભાજી તો લાવ્યો કોથમીર
6. અખાડા કરવા
7. અગિયારા ગણી જવા
8. અચ્છોવાના કરવાં
9. અજવાળી તોયે રાત
10. અજાણ્યા પાણીમાં ઊતરવું નહિ
11. અજાણ્યો અને આંધળો બેઉ સરખા
12. અહે દ્વારકા
13. અડદ મગ સાથે ભરડવા
14. અડધુંઅડધું થઈ જવું
15. અડફેટમાં આવવું / ચડી જવું
16. અડીંગો જમાવીને બેસી જવું
17. અડુકિયો દડુકિયો
18. અત્તરનાં છાંટણા જ હોય, અત્તરના કુંડાં ન ભરાય
19. અતિ ચીકણો બહુ ખરડાય
20. અતિ લોભ તે પાપનું મૂળ
21. અણીના વખતે કામ આવવું
22. અણીનો ચૂક્યો સો વરસ જીવે

23. અથાણું બગડ્યું તેનું વરસ બગડ્યું
24. અદક પાંસળી
25. અધૂરામાં પૂરું
26. અધૂરો ઘડો છલકાય ઘણો
27. અન્ન અને દાંતને વેર
28. અનાજ પારકું છે પણ પેટ થોડું પારકું છે ?
29. અભરાઈ પર ચડાવી દેવું
30. અભિમન્યુનો ચકરાવો
31. અર્થનો અનર્થ કરવો
32. અલેલટપ્પુ
33. અવસરચૂક્યો મેહુલો શું કામનો ?
34. અવળચંડી જાત
35. અવળા ધંધા કરવા
36. અવળા પાટા બાંધવા
37. અવળા પાસા પડવા
38. અવળા હાથની અડબોથ
39. અવળે અસ્ત્રે મુંડી નાખવો
40. અવળી મતિ સૂઝવી
41. અસ્ટમ્ પસ્ટમ્ બોલવું / સમજાવવું
42. અંગ ઉધાર
43. અંગૂઠો કાપી આપવો
44. અંગૂઠો દેખાડવો / બતાવવો
45. અંજળ પાણી ખૂટવા
46. અંધારામાં પણ ગોળ તો ગળ્યો જ લાગે
47. અંધારામાં તીર ચલાવવું
48. અંધેરી નગરી ગંડુ રાજા
49. અંતર રાખવું

## આ–ઈ

50. આ પાર કે પેલે પાર

51. આકડે મધ ને માખી વિનાનું
52. આકાશ પાતાળ એક કરવા
53. આખું કોળું શાકમાં ગયું
54. આખો લાડવો મોંમાં ન જાય
55. આગ લગાડી તાપણું કરવું
56. આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન જવાય
57. આગ વિના ધુમાડો ન હોય
58. આગળ ઉલાળ નહિ ને પાછળ ધરાળ નહિ
59. આગળ કૂવો ને પાછળ ખીણ
60. આગળ બુદ્ધિ વાણિયા, પાછળ બુદ્ધિ બ્રહ્મ
61. આગે આગે ગોરખ જાગે
62. આજ રોકડા, કાલ ઉધાર
63. આજ સૂરજ કઈ બાજુ ઊગ્યો છે ?
64. આજની ઘડી અને કાલનો દી
65. આઠે પહોર ને બત્રીસે ઘડી
66. આડે લાકડે આડો વહેર
67. આથમ્યા પછી અસુર શું ને લૂંટાયા પછી ભો કેવો ?
68. આદર્યા અધૂરા રહે, હરિ કરે સો હોઈ
69. આદુ ખાઈને પાછળ પડી જવું
70. આપ ભલા તો જગ ભલા
71. આપ મુવા વિના સ્વર્ગે ન જવાય
72. આપ સમાન બળ નહિ ને મેઘ સમાન જળ નહિ
73. આપણને નહિ તો આપણા પાડોશીને હજો
74. આપણી તે લાપસી અને બીજાની તે કુસકી
75. આપવાના કાટલાં જુદા ને લેવાના કાટલાં જુદા
76. આપ્યું ને તાપ્યું કેટલો સમય ચાલે ?
77. આફતનું પડીકું
78. આબરૂના કાંકરા કરવા / ધજાગરો કરવો
79. આભ ફાટ્યું હોય ત્યાં થીગડું ન દેવાય
80. આમલી પીપળી બતાવવી
81. આરંભે શૂરા
82. આલાનો ભાઈ માલો

83. આલિયા જમાલિયા
84. આલિયાની ટોપી માલિયાને માથે
85. આવ પાણા પગ ઉપર પડ
86. આવ ભાઈ હરખા આપણે બેઉ સરખા
87. આવડે નહિ ધેંસ ને રાંધવા બેસ
88. આવતાની બોલબાલા, ને જતાનાં મોં કાળાં
89. આવ્યા'તા મળવા ને બેસાડ્યા દળવા
90. આવી ભરાણાં
91. આવો, બેસો, પીઓ પાણી એ ત્રણે ચીજ મફતની આણી
92. આહાર તેવો ઓડકાર
93. આળસુનો પીર
94. આંખ આડા કાન કરવા
95. આંખ લાલ કરવી
96. આંખે ઊડીને વળગે એવું
97. આંખે જોયાનું ઝેર છે
98. આંગળા ચાટ્યે પેટ ન ભરાય
99. આંગળી ચીંધવાનું પુણ્ય
100. આંગળી દેતાં પહોંચો પકડે
101. આંગળીથી નખ વેગળા જ રહે
102. આંગળીના વેઢે ગણાય એટલાં
103. આંતરડી કકળાવવી/દૂભવવી
104. આંતરડી ઠારવી
105. આંધળામાં કાણો રાજા
106. આંધળી ઘોડી ને પોચા ચણા મીઠા લાગ્યાં ને ખાધાં ઘણા
107. આંધળી દળે ને કૂતરા ખાય
108. આંધળે બહેરું કૂટાય
109. આંધળો ઓકે સોને રોકે
110. ઇડરિયો ગઢ જીત્યા
111. ઇન, મીન ને સાડા તીન
112. ઈંટનો જવાબ પથ્થર

## ઉ

113. ઉકલ્યો કોયડો કોડીનો
114. ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન
115. ઉઠિયાણ
116. ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર
117. ઉતાવળે આંબા ન પાકે
118. ઉલાળિયો કરવો

## ઊ

119. ઊગતા સૂરજને સૌ પૂજે
120. ઊજળું એટલું દૂધ નહિ, પીળું એટલું સોનુ નહિ
121. ઊઠાં ભણાવવા
122. ઊડતા પંખીને પાડે તેવો હોંશિયાર
123. ઊતર્યો અમલદાર કોડીનો
124. ઊભી પૂંછડીએ ભાગવું
125. ઊલમાંથી ચૂલમાં પડવા જેવો ઘાટ
126. ઊંઘ, આહાર અને વહેવાર, વધાર્યાં વધે ને ઘટાડ્યાં ઘટે
127. ઊંઘ વેચીને ઉજાગરો લેવાનો ધંધો ખોટો
128. ઊંચે આભ ને નીચે ધરતી
129. ઊંટ મૂકે આકડો અને બકરી મૂકે કાંકરો
130. ઊંટના અઢારે અંગ વાંકા જ હોય
131. ઊંટના ઊંટ ચાલ્યા જાય
132. ઊંટના મોંમાં જીરું
133. ઊંટની પીઠે તણખલું
134. ઊંટ ને વળી ઉકરડે ચડ્યું
135. ઊંટે કર્યાં ઢેકા તો માણસે કર્યાં કાંઠા
136. ઊંડા પાણીમાં ઊતરવું
137. ઊંદર ફૂંક મારતો જાય અને કરડતો જાય
138. ઊંદર બિલાડીની રમત
139. ઊંદરને ઉચાળો શો ?

140. ઊંધા રવાડે ચડાવી દેવું
141. ઊંધી ખોપરીનો માણસ
142. ઊંધે કાંધ મારવું
143. ઊંબાડિયાં મૂકવાની ટેવ ખોટી

## એ–ઐ

144. એક કરતાં બે ભલા
145. એક કાનેથી સાંભળી બીજા કાનેથી કાઢી નાખવું
146. એક કાંકરે બે પક્ષી મારવા
147. એક ઘા ને બે કટકા
148. એક ઘાએ કૂવો ન ખોદાય
149. એક દી પરોણો, બીજે દી પઈ, ત્રીજે દી રહે તેની અક્કલ ગઈ
150. એક નકટો સૌને નકટાં કરે
151. એક નન્નો સો દુ:ખ હણે
152. એક નૂર આદમી હજાર નૂર કપડાં
153. એક પગ દૂધમાં ને એક પગ દહીંમાં
154. એક બાજુ કૂવો અને બીજી બાજુ હવાડો
155. એક ભવમાં બે ભવ કરવા
156. એક મરણિયો સોને ભારી પડે
157. એક મ્યાનમાં બે તલવાર ન રહે
158. એક લાકડીએ બધાંને હાંકવા
159. એક સાંધે ત્યાં તેર તૂટે
160. એક હાથે તાળી ન પડે
161. એકડા વિનાનાં મીંડા જેવો
162. એકનો બે ન થાય
163. એકે હજારાં સોએ બિચારાં
164. એના પેટમાં પાપ છે
165. એનાં જ ટાંટિયા એનાં જ ગળામાં ભરાવી દેવા
166. એનો કોઈ વાળ વાંકો ન કરી શકે
167. એમાં આપણા કેટલાં ટકા ?

168. એરણની ચોરી ને સોયનું દાન
169. એલ-ફેલ બોલવું

## ઓ-ઔ-અઃ

170. ઓકી દાતણ જે કરે, નરણે હરડે ખાય
દૂધે વાળુ જે કરે, તે ઘર વૈદ ન જાય
171. ઓછું પાત્ર ને અદકું ભણ્યો
172. ઓડનું ચોડ કરવું
173. ઓળખાણ સૌથી મોટી ખાણ.છે
174. ઓળખીતો સિપાઈ બે દંડા વધુ મારે

## ક

175. કજિયાનું મૂળ હાંસી ને રોગનું મૂળ ખાંસી
176. કજિયાનું મોં કાળું
177. કડવી ને પાછી લીમડે ચડેલી
178. કડવું ઓસડ મા જ પાય
179. કડવો ઘૂંટડો ગળે ઊતારવો
180. કપાસિયે કોઠી ફાટી ન જાય
181. કપાળ જોઈને ચાંદલો કરાય
182. કમળો હોય તેને પીળું દેખાય
183. કમાઉ દીકરો સૌને વહાલો લાગે
184. કમાન છટકવી
185. કરકસર એટલે બીજો ભાઈ
186. કરમ કોડીના અને લખણ લખેશરીના
187. કરવા ગયા કંસાર અને થઈ ગઈ થૂલી
188. કરો કંકુના
189. કરો તેવું પામો, વાવો તેવું લણો
190. કર્યું કારવ્યું ધૂળમાં મળી જવું
191. કસાઈને ઘેર ગાય બાંધવી

192. કહેવાય નહિ અને સહેવાય નહિ એવી હાલત
193. ક્યાં રાજા ભોજ અને ક્યાં ગાંગો તેલી?
194. કાકા મટીને ભત્રીજા ન થવાય
195. કાકો પરણ્યો ને ફોઈ રાંડી
196. કાખમાં છોકરું ને ગામમાં ઢંઢેરો / ગામમાં ગોતાગોત
197. કાખલી કૂટવી
198. કાગડા ઊડવા
199. કાગડા બધે ય કાળા હોય
200. કાગડાની કોટે રતન બાંધવું
201. કાગડો દહીંથરું લઈ ગયો
202. કાગના ડોળે રાહ જોવી
203. કાગનું બેસવું ને ડાળનું પડવું
204. કાગનો વાઘ કરવો
205. કાગળની હોડીથી દરિયો ના તરાય
206. કાચના ઘરમાં રહીને પથ્થર ન ફેંકાય
207. કાચા કાનનો માણસ
208. કાચું કાપવું
209. કાજળની કોટડીમાં પેસે, તેને ડાઘ લાગ્યા વિના ન રહે
210. કાજીની કૂતરી મરી જાય ત્યારે આખું ગામ બેસવા આવે પણ કાજી મરી જાય ત્યારે કાળો કાગડો ય ખરખરો કરવા ન આવે
211. કાટલું કાઢવું
212. કાતરિયું ગેપ
213. કાન છે કે કોડિયું?
214. કાન પકડવા
215. કાન ભંભેરવા/કાનમાં ઝેર રેડવું
216. કાનખજુરાનો એકાદ પગ તૂટે તો શું ફરક પડે?
217. કાનનાં કીડા ખરી પડે તેવી ગાળ
218. કાનાફૂંસી કરવી
219. કાપો તો લોહી ન નીકળે તેવી સ્થિતિ
220. કામ કામને શીખવે
221. કામ પતે એટલે ગંગા નાહ્યા / જાન છૂટે
222. કામના કૂડા ને વાતોના રૂડા

223. કામનો ચોર
224. કામમાં જીવ રેડવો
225. કારતક મહિને કણબી ડાહ્યો થાય તો શું વળે ?
226. કાલાવાલા કરવા
227. કાલાં કાઢવાં
228. કાળજાની કોર / કાળજાનો કટકો
229. કાળજાનું કાચું / પાકું
230. કાળા અક્ષર ભેંશ બરાબર
231. કાળા માથાનો માનવી ધારે તે કરી શકે
232. કાળી ટીલી ચોંટવી
233. કાળી લાય લાગવી
234. કાંકરે કાંકરે પાળ બંધાય ને ટીપે ટીપે સરોવર ભરાય
235. કાંકરો કાઢી નાખવો
236. કાંચિડાની જેમ રંગ બદલવા
237. કાંટો કાંટાને કાઢે ને લોઢું લોઢાને કાપે
238. કાંડાં કાપી આપવાં
239. કાંદો કાઢવો
240. કિનારે આવેલું વહાણ ડૂબ્યું
241. કીડી કોશનો ડામ ખમી શકે ?
242. કીડી પર કટક ન ઊતારાય
243. કીડી સંઘરે તેત્તર ખાય
244. કીડીને કણ અને હાથીને મણ
245. કીડીને પાંખ ફૂટે એ એના મરવાની એંધાણી
246. કીધે કુંભાર ગધેડે ન ચડે
247. કુકડો બોલે તો જ સવાર પડે એવું ન હોય
248. કુલડીમાં ગોળ ભાંગવો
249. કુંભાર કરતાં ગધેડાં ડાહ્યાં
250. કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી જ રહે
251. કૂતરાનો સંઘ કાશીએ ન પહોંચે
252. કૂતરું કાઢતા બિલાડું પેઠું
253. કૂવામાં હોય તો અવેડામાં આવે
254. કૂવામાંનો દેડકો

255. કૂંડી કથરોટને હસે
256. કેટલી વીસે સો થાય તેની ખબર પડવી
257. કેસરિયા કરવા
258. કોઈની સાડીબાર ન રાખે
259. કોઈનું ઘર બળે ને કોઈને તાપણું થાય
260. કોઈનો બળદ કોઈની વેલ ને બંદાનો ડચકારો
261. કોકડું ગૂંચવાયું
262. કોઠી ધોયે કાદવ જ નીકળે
263. કોઠે જઈ આવ્યો ને કથા કરવા બેઠો
264. કોડિયા જેવડું કપાળ અને વચ્ચે ભમરો
265. કોણીએ ગોળ ચોપડવો
266. કોણે કહ્યું'તું કે બેટા બાવળિયા પર ચડજે ?
267. કોથળામાં પાનશેરી રાખીને મારવો
268. કોથળામાંથી બિલાડું કાઢવું
269. કોના બાપની દિવાળી
270. કોની માએ સવા શેર સૂંઠ ખાધી છે
271. કોપરાં જોખવાં
272. કોલસાની દલાલીમાં કાળા હાથ

## ખ

273. ખણખોદ કરવી
274. ખરા બપોરે તારા દેખાડવા
275. ખંગ વાળી દેવો
276. ખાઈને સૂઈ જવું મારીને ભાગી જવું
277. ખાખરાની ખિસકોલી સાકરનો સ્વાદ શું જાણે
278. ખાટલે મોટી ખોડ કે પાયો જ ન મળે
279. ખાટલેથી પાટલે ને પાટલેથી ખાટલે
280. ખાડો ખોદે તે પડે
281. ખાતર ઉપર દીવો
282. ખાય એનું જ ખોદે

283. ખાય નહિ ને ખાવા પણ ન દે
284. ખાલી ચણો વાગે ઘણો
285. ખાવાના ખેલ નથી
286. ખાળે ડૂચા અને દરવાજા મોકળા
287. ખાંડ ખાય છે
288. ખાંધે કોથળો ને પગ મોકળો
289. ખિસ્સા ખાલી ને ભભકા ભારી
290. ખિસ્સામાં રાખવું
291. ખીચડી પકવવી
292. ખીચડી હલાવી બગડે ને દીકરી મલાવી બગડે
293. ખીલાના જોરે વાછરડું કૂદે
294. ખુશામત તો ખુદાને પણ પ્યારી છે
295. ખેલ ખતમ, પૈસા હજમ
296. ખોટો રૂપિયો કદી ન ખોવાય
297. ખોદે ઉંદર અને ભોગવે ભોરિંગ
298. ખોદ્યો ડુંગર ને કાઢ્યો ઉંદર

## ગ

299. ગઈ ગુજરી ભૂલી જવાની હોય
300. ગઈ તિથિ જોશી પણ ન વાંચે
301. ગગા મોટો થા પછી પરણાવશું
302. ગગો કુંવારો રહી જવો
303. ગજ વાગતો નથી
304. ગજવેલના પારખાં ન હોય
305. ગતકડાં કાઢવા
306. ગધેડા ઉપર અંબાડી ન શોભે
307. ગધેડાને તાવ આવે તેવી વાત
308. ગપ્પીને ઘેર આવ્યાં ગપ્પીજી

બાર હાથનું ચીભડું ને તેર હાથનું બી

309. ગરજ સરી એટલે વૈદ વેરી

310. ગરજવાનને અક્કલ ન હોય
311. ગરજે ગધેડાને પણ બાપ કહેવો પડે
312. ગરીબ ગાય જેવો
313. ગરીબની આંતરડી કકળાવવી નહિ / હાય લેવી નહિ
314. ગરીબનો બેલી
315. ગળ્યું એટલે ગળ્યું, બીજું બધું બળ્યું
316. ગાજરની પિપૂડી વાગે ત્યાં સુધી વગાડવાની ને પછી ખાઈ જવાની
317. ગાજ્યા મેઘ વરસે નહિ ને ભસ્યા કૂતરા કરડે નહિ
318. ગાડરિયો પ્રવાહ
319. ગાડા નીચે કૂતરું
320. ગાડી પાટે ચડાવી દેવી
321. ગાડું અટકી પડવું / ગબડાવવું
322. ગાડું જોઈને ગુડા ભાંગે
323. ગાભા કાઢી નાખવા
324. ગામ ગાંડું કરવું
325. ગામ માથે લેવું
326. ગામ હોય ત્યાં ઉકરડો પણ હોય
327. ગામના મહેલ જોઈ આપણાં ઝૂંપડાં તોડી ન નખાય
328. ગામના મોંએ ગરણું ન બંધાય
329. ગામનો ઉતાર
330. ગામમાં ઘર નહિ સીમમાં ખેતર નહિ
331. ગાય દોહી કૂતરાને પાવું
332. ગાય પાછળ વાછરડું
333. ગાંગો ગ્યો ગોકળ ને વાંહે થઈ ગઈ મોકળ
334. ગાંજ્યો જાય તેવો નથી
335. ગાંઠના ગોપીચંદન
336. ગાંડા સાથે ગામ જવું ને ભૂતની કરવી ભાઈબંધી
337. ગાંડાના ગામ ન વસે
338. ગાંડી માથે બેડું
339. ગાંડી પોતે સાસરે ન જાય અને ડાહીને શીખામણ આપે
340. ગાંધી-વૈદનું સહીયારું
341. ગેંગે-ફેંફે થઈ જવું

342. ગોટલાં છોતરાં નીકળી જવા
343. ગોર પરણાવી દે, ઘર ન માંડી દે
344. ગોલા ઘાંચીની લડાઈ
345. ગોળ અંધારે ગળ્યો લાગે ને અજવાળે પણ ગળ્યો લાગે
346. ગોળ ખાધા વેંત જુલાબ ન લાગે
347. ગોળ નાખો એટલું ગળ્યું લાગે
348. ગોળ વિના મોળો કંસાર, મા વિના સૂનો સંસાર
349. ગોળથી મરતો હોય તો ઝેર શું કામ પાવું?
350. ગોળને પાણીએ નાહી નાખવું / નવડાવવું
351. ગ્રહણ ટાણે સાપ નીકળવો

## ઘ–ઙ

352. ઘડો-લાડવો કરી નાખવો
353. ઘર ઉખેળી જુઓ ને વિવાહ માંડી જુઓ
354. ઘર કરી બેસવું / રહેવું
355. ઘર ગયું ને ઓસરી રહી
356. ઘર ફૂટે ઘર જાય
357. ઘર બાળીને તીરથ ન કરાય
358. ઘર ચલાવવું / ભરવું
359. ઘર ભલું ને આપણે ભલા
360. ઘર ભાંગવું / માંડવું
361. ઘર હોય તો બે વાસણ ખખડે પણ ખરાં
362. ઘરડાં ગાડાં વાળે
363. ઘરડી ઘોડી લાલ લગામ
364. ઘરના દેવ ને ઘરના પૂજારી
365. ઘરના ભુવા ને ઘરના ડાકલાં
366. ઘરનાં છોકરા ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો
367. ઘરની દાઝી વનમાં ગઈ તો વનમાં લાગી આગ
368. ઘરની ધોરાજી ચલાવવી
369. ઘરનું ઘર

370. ઘરનું માણસ
371. ઘરનો જોગી જોગટો, બહારગામનો સંત
372. ઘરમાં વાઘ બહાર બકરી
373. ઘરમાં હાંડલા કુસ્તી કરે તેવી હાલત
374. ઘરમેળે પતાવવું / માંડવાળ કરવી
375. ઘરે ધોળો હાથી બાંધવો
376. ઘા પર મીઠું ભભરાવવું
377. ઘા ભેગો ઘસરકો
378. ઘાટ કરતાં ઘડામણ મોંઘું
379. ઘાટે ઘાટનાં પાણી પીધાં છે
380. ઘાણ વાળી નાખવો
381. ઘાણીનો બળદ ગમે તેટલું ચાલે પણ રહે હેરનો હેર
382. ઘાસની ગંજી પર કૂતરો બેઠો, ખાય નહિ ને ખાવા પણ ન દે
383. ઘી ઢોળાયું તો ખીચડીમાં
384. ઘી વિના લૂખો કંસાર, મા વિના સૂનો સંસાર
385. ઘી-કેળાં થઈ જવા
386. ઘીના ઠામમાં ઘી પડી રહ્યું
387. ઘેર ઘેર માટીના ચૂલા
388. ઘેર બેઠાં ગંગા
389. ઘેલી સૌથી પહેલી
390. ઘો મરવાની થાય ત્યારે વાઘરીવાડે જાય
391. ઘોડે ચડીને આવવું
392. ઘોડો નાસી ગયા પછી તબેલાને તાળાં મારવાં
393. ઘોરખોદિયો
394. ઘોંસ પરોણો કરવો

## ચ

395. ચકલાં ચૂંથવાંનો ધંધો
396. ચકલી નાની ને ફૈડકો મોટો
397. ચકીબાઈ નાહી રહ્યાં

398. ચડાઉ ધનેડું
399. ચપટી ધૂળની ય જરૂર પડે
400. ચપટી મીઠાની તાણ
401. ચમડી તૂટે પણ દમડી ન છૂટે
402. ચમત્કાર વિના નમસ્કાર નહિ
403. ચલક ચલાણું ઓલે ઘેર ભાણું
404. ચા કરતાં કીટલી વધારે ગરમ હોય
405. ચાકર ચોરે તો બરકત જાય ને શેઠ ચોરે તો નખોદ જાય
406. ચાદર જોઈને પગ પહોળા કરાય
407. ચાર મળે ચોટલા તો ભાંગે કૈંકના ઓટલા
408. ચારે બાજુ એકાદશી ને વચમાં ગોકળ આઠમ
409. ચાલતી ગાડીએ ચડી બેસવું
410. ચિઠ્ઠીનો ચાકર
411. ચિંતા કરતાં ચિતા ભલી
412. ચિંતાથી ચતુરાઈ ઘટે
413. ચીભડાના ચોરને ફાંસીની સજા
414. ચીંથરે વીંટાળેલું રતન
415. ચેતતો નર સદા સુખી
416. ચૈતર ચડે નહિ ને વૈશાખ ઊતરે નહિ
417. ચોખ્ખું ને ચટ સંભળાવી દેવું
418. ચોર કોટવાલને દંડે
419. ચોર પણ ચાર ઘર છોડે
420. ચોરની દાઢીમાં તણખલું
421. ચોરની મા કોઠીમાં મોં ઘાલીને રૂએ
422. ચોરની માને ભાંડ પરણે
423. ચોરની વાદે ચણા ઉપાડવા જવું
424. ચોરને કહે ચોરી કરજે અને સિપાઈને કહે જાગતો રહેજે
425. ચોરને ઘેર ચોર પરોણો
426. ચોરનો ભાઈ ઘંટીચોર
427. ચોરી પર શીનાજોરી
428. ચોરીનું ધન સીંકે ન ચડે
429. ચોળીને ચીકણું કરવું

430. ચૌદમું રતન ચખાડવું

છ

431. છક થઈ જવું
432. છક્કડ ખાઈ જવું
433. છક્કા છૂટી જવા
434. છકી જવું
435. છછૂંદરવેડા કરવા
436. છઠની સાતમ ને સાતમની છઠ કોઈથી ન થાય
437. છઠ્ઠીનું ધાવણ યાદ આવી જવું
438. છતના ચાળા
439. છતી આંખે આંધળો
440. છત્રીસનો આંકડો
441. છાગનપતિયાં કરવા
442. છાજિયા લેવા
443. છાણના દેવને કપાસિયાની જ આંખ હોય
444. છાતી પર પથ્થર મૂકવો
445. છાતી પર મગ દળવા
446. છાપરે ચડાવી દેવો
447. છાશ લેવા જવી અને દોણી સંતાડવી
448. છાશમાં માખણ જાય અને વહુ ફુવડ કહેવાય
449. છાસિયું કરવું
450. છિનાળું કરવું
451. છીંડે ચડ્યો તે ચોર
452. છેડો ફાડવો / છેડા છૂટકો કરવો
453. છેલ્લા પાટલે બેસી જવું
454. છેલ્લું ઓસડ છાશ
455. છોકરમત કરવી
456. છોકરાંથી છાશ પિવાય ?
457. છોકરાંને છાશ ભેગા કરવા

458. છોકરાંનો ખેલ નથી
459. છોકરીને અને ઉકરડાને વધતાં વાર ન લાગે
460. છોરું કછોરું થાય પણ માવતર કમાવતર ન થાય

## જ

461. જગ બત્રીસીએ ચડવું
462. જણનારીમાં જોર ન હોય તો સુયાણી શું કરે ?
463. જનોઈવઢ ઘા
464. જમણ તો સૂરતનું, મરણ તો કાશીનું
465. જમણમાં લાડુ અને સગપણમાં સાઢુ
466. જમણો હાથ જે કરે તેની ડાબા હાથને ખબર ન પડે
467. જમવામાં જગલો અને કૂટવામાં ભગલો
468. જમાઈ એટલે દશમો ગ્રહ
469. જર, જમીન ને જોરું, એ ત્રણ કજિયાના છોરું
470. જલેબી જેવો સીધો
471. જશને બદલે જોડા
472. જળોની જેમ વળગવું
473. જંગલમાં મંગલ
474. જા બિલાડી મોભામોભ
475. જા બિલ્લી કૂત્તે કો માર
476. જાગ્યા ત્યાંથી સવાર
477. જાડી ચામડીનો માણસ
478. જાડો નર જોઈને સૂળીએ ચડાવવો
479. જાત ઉપર જવું / જાત દેખાડવી
480. જાતે પગ પર કુહાડો મારવો
481. જાનમાં કોઈ જાણે નહિ કે હું વરની ફૂઈ
ગાડે કોઈ બેસાડે નહિ ને દોડી દોડી મૂઈ
482. જીભ આપવી
483. જીભ કચરવી
484. જીભમાં હાડકું ન હોય, તે આમ પણ વળે અને તેમ પણ વળે

485. જીભે લાપસી પીરસવી તો મોળી શું કામ પીરસવી?
486. જીવ ઝાલ્યો રહેતો નથી
487. જીવતા જગતિયું કરવું
488. જીવતો નર ભદ્રા પામે
489. જીવને શ્વાસ તણી સગાઈ, ઘરમાં ઘડી ન રાખે ભાઈ
490. જીવમાં જીવ આવવો
491. જીવવું થોડું ને જંજાળ ઝાઝી
492. જીવો અને જીવવા દો
493. જીવ્યા કરતાં જોયું ભલું
494. જૂની આંખે નવા તમાશા
495. જૂનું એટલું સોનું
496. જૂનો જોગી
497. જે કળથી થાય તે બળથી ન થાય
498. જે ગામ જવું હોય નહિ તેનો મારગ શા માટે પૂછવો?
499. જે ચડે તે પડે
500. જે જન્મ્યું તે જાય
501. જે જાય દરબાર તેના વેચાય ઘરબાર
502. જે ડાળ પર બેઠા હોઈ તે ડાળ કાપી ન નખાય
503. જે ન ખાય ગળ્યું, તેનું જીવતર બળ્યું
504. જે નમે તે સૌને ગમે
505. જે ફરે તે ચરે
506. જે બોલે તે બે ખાય
507. જે વાર્યા ન વરે તે હાર્યા વરે
508. જે સૌનું થશે તે વહુનું થશે
509. જેટલા મોં તેટલી વાતો
510. જેટલા સાંધા એટલા વાંધા
511. જેટલો ગોળ નાખો તેટલું ગળ્યું લાગે
512. જેટલો બહાર છે તેથી વધુ ભોંયમાં છે
513. જેણે મૂકી લાજ એનું નાનું સરખું રાજ
514. જેના લગન હોય તેના જ ગીત ગવાય
515. જેના હાથમાં તેના મોંમા
516. જેની લાઠી તેની ભેંસ

517. જેની રૂપાળી વહુ તેના ભાઈબંધ બહુ
518. જેનું ખાય તેનું ખોદે
519. જેનું નામ તેનો નાશ
520. જેને કોઈ ન પહોંચે તેને પેટ પહોંચે
521. જેને ગાડે બેસીએ તેનાં ગીત ગાઈએ
522. જેને રામ રાખે તેને કોણ ચાખે
523. જેનો આગેવાન આંધળો તેનું કટક કૂવામાં
524. જેનો રાજા વેપારી તેની પ્રજા ભિખારી
525. જેવા પડ્યા તેવા દેવાશે
526. જેવા સાથે તેવા
527. જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ
528. જેવી સોબત તેવી અસર
529. જેવું કરો તેવું પામો
530. જેવું કામ તેવા દામ
531. જેવો દેશ તેવો વેશ
532. જેવો સંગ તેવો રંગ
533. જેસલ હટે જવભર ને તોરલ હટે તલભર
534. જોશીના પાટલે અને વૈદના ખાટલે
535. જ્યાં ગોળ હોય ત્યાં માખી બમણતી આવે જ
536. જ્યાં ચાહ ત્યાં રાહ
537. જ્યાં જાય ઉકો ત્યાં સમુદ્ર સૂકો
538. જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ
539. જ્યાં પંચ ત્યાં પરમેશ્વર
540. જ્યાં સંપ ત્યાં જંપ
541. જ્યાં સુધી શ્વાસ ત્યાં સુધી આશ

## ઝ–ઞ

542. ઝાઝા રસોઈયા રસોઈ બગાડે
543. ઝાઝા હાથ રળિયામણા
544. ઝાઝા હાંડલા ભેગા થાય તો ખખડે પણ ખરા

545. ઝાઝી કીડી સાપને ખાઈ જાય
546. ઝાઝી વાતે ગાડાં ભરાય
547. ઝાઝી સૂયાણી વિયાંતર બગાડે
548. ઝેરના પારખા ન હોય

## ટ

549. ટકાની ડોશી અને ઢબુનું મૂંડામણ
550. ટલ્લે ચડાવવું
551. ટહેલ નાખવી
552. ટાઢા પહોરની ગપ / તડાકા
553. ટાઢા પાણીએ ખસ ગઈ
554. ટાઢું પાણી રેડી દેવું
555. ટાઢો ડામ દેવો
556. ટાપશી પૂરાવવી
557. ટાયલાવેડાં કરવાં
558. ટાલિયા નર કો'ક નિર્ધન
559. ટાંટિયાની કઢી થઈ જવી
560. ટાંટિયો ટળવો
561. ટાંડી મૂકવી
562. ટીપે ટીપે સરોવર ભરાય, કાંકરે કાંકરે પાળ બંધાય
563. ટીંગાટોળી કરવી
564. ટૂંકું ને ટચ
565. ટેભા ટૂટી જવા
566. ટોટો પીસવો
567. ટોણો મારવો
568. ટોપી પહેરાવી દેવી
569. ટોપી ફેરવી નાખવી
570. ટોળ ટપ્પા હાંકવા

## ઠ

571. ઠણઠણગોપાલ
572. ઠરડ કાઢી નાખવી
573. ઠરીને ઠામ થવું
574. ઠરીને ઠીંકરું થઈ જવું
575. ઠાગાઠૈયા કરવા
576. ઠેકાણે પડવું
577. ઠેરના ઠેર
578. ઠોકર વાગે ત્યારે જ અક્કલ આવે
579. ઠોઠ નિશાળિયાને વતરણાં ઝાઝા

## ડ–ઢ–ણ

580. ડચૂરો બાઝવો / ભરાવો
581. ડબ્બો ગુલ કરી નાખવો
582. ડહાપણ ડહોળવું
583. ડહાપણની દાઢ ઊગવી
584. ડહાપણની પૂંછડી
585. ડંકાની ચોટે કહેવું
586. ડંકો વગાડવો
587. ડંફાશ હાંકવી
588. ડાકણેય એક ઘર તો છોડે
589. ડાગળી ખસવી
590. ડાચામાં બાળવું
591. ડાચું વકાસીને બેસવું
592. ડાફરિયાં દેવા / મારવા
593. ડાબા હાથની વાત જમણાને ખબર ન પડે
594. ડાબા હાથનો ખેલ
595. ડાબા હાથે ચીજ મુકી દેવી
596. ડારો દેવો
597. ડાહીબાઈને બોલાવો ને ખીરમાં મીઠું નખાવો

598. ડાંગે માર્યા પાણી જુદા ન પડે
599. ડાંફાં મારવા
600. ડીંગ હાંકવી
601. ડીંડવાણું ચલાવવું
602. ડુંગર દૂરથી રળિયામણા
603. ડૂબતો માણસ તરણું પકડે
604. ડોશી મરે તેનો ભો નથી, જમ ઘર ભાળી જાય તેનો વાંધો છે
605. ડોસીએ ડાટ વાળ્યો
606. ઢમ ઢોલ ને માંહે પોલ
607. ઢાંકણીમાં પાણી લઈ ડૂબી મર
608. ઢાંકો-ઢૂંબો કરવો
609. ઢીલ મૂકવી
610. ઢોળાયેલા દૂધ પર અફસોસ શું કામનો ?
611. ઢોંગ-ધતુરા કરવા

## ત

612. તકદીર સામે તદબીર ન ચાલે
613. તડકાં છાયા તો આવ્યા જ કરે
614. તડકામાં વાળ ધોળા નથી કર્યા
615. તમાચો મારી ગાલ લાલ રાખવો
616. તમાશાને તેડું ન હોય
617. તરત દાન ને મહાપુણ્ય
618. તલપાપડ થવું
619. તલમાં તેલ નથી
620. તલવારની ધાર ઉપર ચાલવું
621. તસુ નમે તેને વેંત નમીએ
622. તળિયા ઝાટક સાફ
623. તંતનો અંત નહિ
624. ત્રણ સાથે જાય તો થાય ત્રેખડ ને માથે પડે ભેખડ
625. ત્રાગું કરવું

626. ત્રેવડ એટલે ત્રીજો ભાઈ
627. તાડના ઝાડ પર ચડાવી દેવું
628. તારા જેવા તાંબિયાના તેર મળે છે
629. તારા બાપનું કપાળ
630. તારી અક્કલ ક્યાં ઘાસ ચરવા ગઈ હતી ?
631. તારું મારું સહિયારું ને મારું મારા બાપનું
632. તાલમેલ ને તાશેરો
633. તાંબિયાની તોલડી તેર વાના માંગે
634. તીરથે જઈને મૂંડાવવું
635. તીસમારખાં
636. તુંબડીમાં કાંકરા
637. તેજીને ટકોરો, ગધેડાને ડફણાં
638. તેલ જુઓ, તેલની ધાર જુઓ
639. તેલ પાઈને એરંડિયું કાઢવું
640. તો તમારા મોઢામાં ઘી ને સાકર !
641. તોબરો ચડાવીને ફરવું
642. તોબા પોકારવી
643. તોળી તોળીને બોલવું

## થ

644. થયું તે ન થયું થાય નહિ
645. થાક્યાના ગાઉ છેટા હોય
646. થાબડભાણા કરવા
647. થાય તેવા થઈએ ને ગામ વચ્ચે રહીએ
648. થૂંકના સાંધા કેટલા દી ટકે ?
649. થૂંકેલું પાછું ગળવું
650. થોડે નફે બહોળો વેપાર

## દ

651. દગો કોઈનો સગો ન થાય
652. દયા ડાકણને ખાય
653. દરજીનો દીકરો જીવે ત્યાં સુધી સીવે
654. દળી, દળીને ઢાંકણીમાં
655. દશેરાના દિવસે જ ઘોડું ન દોડે
656. દ્રાક્ષ ખાટી છે
657. દાઝે બળવું
658. દાઝ્યા પર ડામ દેવો
659. દાઢમાં રાખવું / બોલવું
660. દાઢીની દાઢી ને સાવરણીની સાવરણી
661. દાઢીમાં હાથ નાખવો
662. દાણો દબાવી / ચાંપી જોવો
663. દાધારિંગો
664. દાન ઉપર દક્ષિણા
665. દાનો દુશ્મન સારો પણ મૂરખ મિત્ર ખોટો
666. દાનત ખોરા ટોપરા જેવી
667. દામ કરે કામ અને બીબી કરે સલામ
668. દાળમાં કાળું
669. દાંત કચકચાવીને કામ કરવું
670. દાંત કાઢવા
671. દાંત ખાટા કરી નાખવા
672. દાંતે તરણું પકડવું
673. દી ફરવો
674. દી ભરાઈ ગયા છે
675. દી વળવો
676. દીકરી એટલે સાપનો ભારો
677. દીકરી તો પારકી થાપણ કહેવાય
678. દીકરી ને ગાય, દોરે ત્યાં જાય
679. દીકરીનું માગું હોય, વહુનું માગું ન હોય
680. દીધે રાખો મારા ભાઈ
681. દીવા તળે અંધારું
682. દીવાલને પણ કાન હોય

683. દુકાળમાં અધિક માસ
684. દુ:ખતી રગ દબાવવી
685. દુ:ખનું ઓસડ દહાડા
686. દુ:ખે છે પેટ અને કૂટે છે માથું
687. દુનિયાની હવા લાગવી
688. દૂઝણી ગાયની લાત ભલી
689. દૂધ પાઈને સાપ ઉછેરવો
690. દૂધ, સાકર, એલચી, વરીઆળી ને દ્રાક્ષ
જો કંઠનો ખપ હોય તો પાંચેય વસ્તુ રાખ
691. દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી નાખવું
692. દૂધનો દાઝેલો છાશ પણ ફૂંકી ફૂંકીને પીએ
693. દૂધમાં અને દહીંમાં પગ રાખવો
694. દૂધમાંથી પોરા કાઢવા
695. દૂબળાં ઢોરને બગાં ઝાઝી
696. દૂબળું ઢોર કૂસકે રાજી
697. દે દામોદર દાળમાં પાણી
698. દે માર
699. દેખવું નહિ અને દાઝવું નહિ
700. દેવ દેવલાં સમાતા ન હોય ત્યાં પૂજારાને ક્યાં બેસાડવા
701. દેવું કરીને પણ ઘી પીવું
702. દોડવું હતું ને ઢાળ મળ્યો
703. દોઢ ડાહ્યાં થવું
704. દોઢિયાંપાણી ખલાસ થઈ જવા / નો જોગ કરવો
705. દોમ દોમ સાયબી

## ધ

706. ધકેલ પંચા દોઢસો
707. ધજાગરો બાંધવો / કરવો
708. ધણી વગરના ઢોર જેવી હાલત
709. ધણીની નજર એક, ચોરની નજર ચાર

710. ધણીને સૂઝે ઢાંકણીમાં
711. ધણીનો કોઈ ધણી નહિ
712. ધન ઘડી અને ધન દહાડો
713. ધનોત-પનોત કાઢી નાખવું
714. ધરતીનો છેડો ઘર
715. ધરમ કરતાં ધાડ પડી
716. ધરમ ધક્કો
717. ધરમના કામમાં ઢીલ ન હોય
718. ધરમની ગાયના દાંત ન જોવાય
719. ધાર્યું ધણીનું થાય
720. ધીરજના ફળ મીઠા હોય
721. ધુમાડાને બાચકા ભર્યે દહાડો ન વળે
722. ધૂળ ઉપર લીંપણ ન કરાય
723. ધૂળ કાઢી નાખવી
724. ધૂળ ચાટતા / ભેગા થઈ જવું
725. ધૂળધાણી ને વા પાણી
726. ધોકે નાર પાંસરી
727. ધોલધપાટ કરવી
728. ધોબીનો કૂતરો, નહિ ઘરનો નહિ ઘાટનો
729. ધોયેલ મૂળા જેવો
730. ધોળા દિવસે તારા દેખાવા
731. ધોળામાં ધૂળ પડી
732. ધોળિયા સાથે કાળિયો રહે, વાન ન આવે પણ સાન જરૂર આવે
733. ધોળે ધરમે

## ન

734. ન આવડે ભીખ તો વૈદું શીખ
735. ન ઘરનો, ન ઘાટનો
736. ન ત્રણમાં, ન તેરમાં, ન છપ્પનના મેળમાં
737. ન બોલ્યામાં નવ ગુણ

738. ન મળી નારી એટલે સહેજે બાવા બ્રહ્મચારી
739. ન મામા કરતા કહેણો મામો સારો
740. નકટા દેવને ખાસડાની પૂજા હોય
741. નકલમાં અક્કલ ન હોય
742. નગારખાનામાં પીપૂડીનો અવાજ ક્યાંથી સંભળાય ?
743. નજર ઉતારવી
744. નજર બગાડવી
745. નજર લાગવી
746. નજરે ચડી જવું
747. નજરે જોયાનું ઝેર છે
748. નથ ઘાલવી
749. નદી નાવ સંજોગ
750. નદીના મૂળ અને ઋષિના કુળ ન શોધાય
751. નદીમાં નાહ્યે પુણ્ય મળે તો બધા મગરમચ્છ સ્વર્ગે જ જાય
752. નબળો ધણી બૈરી પર શૂરો
753. નમાજ પડતા મસીદ કોટે વળગી
754. નમે તે સૌને ગમે
755. નરમ ઘેંશ જેવો
756. નરો વા કુંજરો વા
757. નવ ગજના નમસ્કાર
758. નવરો ધૂપ
759. નવરો બેઠો નખ્ખોદ કાઢે
760. નવલશા હીરજી
761. નવાણિયો કૂટાઈ ગયો
762. નવાણુંનો ધક્કો લાગવો
763. નવી ગિલ્લી નવો દાવ
764. નવી વહુ નવ દહાડા
765. નવે નાકે દિવાળી
766. નવો મુલ્લો બાંગ વધુ જોરથી પોકારે
767. નવો મુસલમાન નવ વાર નમાજ પઢે
768. નસીબ અવળા હોય તો ભોંયમાંથી ભાલા વાગે
769. નસીબ આડે પાંદડું

770. નસીબ કંઈ વેચી ખાધું નથી
771. નસીબ બે ડગલા આગળનું આગળ રહે છે
772. નસીબ બેઠેલાનું બેઠું રહે, દોડતાનું દોડતું રહે
773. નસીબનો બળિયો
774. નાક ઊંચું રાખવું
775. નાક કપાઈ જવું
776. નાક કપાવી અપશુકન ન કરાવાય
777. નાક કાપીને હાથમાં આપવું
778. નાક જેવું કાંઈ છે કે નહિ ?
779. નાકલીટી તાણવી
780. નાકે છી ગંધાતી નથી
781. નાગાની પાનશેરી ભારે હોય
782. નાગાને નાવું શું અને નીચોવવું શું ?
783. નાચવું ન હોય તો કહે આંગણું વાંકુ
784. નાણા વગરનો નાથીયો, નાણે નાથાલાલ
785. નાણું મળશે પણ ટાણું નહિ મળે
786. નાતનો માલ નાત જમે, મુસાભાઈના વા ને પાણી
787. નાદાનની દોસ્તી ને જીવનું જોખમ
788. નાના મોઢે મોટી વાત
789. નાનો પણ રાઈનો દાણો
790. નામ કાઢવું / ડુબાડવું
791. નામું માંડવું
792. નારી જોઈ મુનિવર ચળે
793. નીર-ક્ષીર વિવેક
794. નીવડે વખાણ થાય
795. નેવાના પાણી મોભે ના ચડે
796. નોકર ખાય તો નફો જાય, શેઠ ખાય તો મૂડી જાય

## પ

797. પગ કુંડાળામાં પડી જવો

798. પગ ન ઊપડવો
799. પગ લપસી જવો
800. પગચંપી કરવી
801. પગપેસારો કરવો
802. પગભર થવું
803. પગરખાંમાં પગ મૂકવો
804. પગલાં પાડવા / પગલાં ઓળખવા
805. પગેરું કાઢવું
806. પછેડી પ્રમાણે સોડ તાણવી
807. પડતો બોલ ઝીલવો
808. પડશે તેવા દેવાશે
809. પડી ટેવ તે તો ટળે કેમ ટાળી
810. પડી પટોડે ભાત, ફાટે પણ ફીટે નહિ
811. પડ્યા પર પાટું
812. પડ્યું પાનું નિભાવી લેવું
813. પડ્યો પોદળો ધૂળ ઊંચક્યા વિના ન રહે
814. પઢાવેલો પોપટ
815. પત્તર ખાંડવી
816. પથારી ફેરવી નાખવી
817. પથારો પાથરવો
818. પથ્થર ઉપર પાણી

<="" li="">

819. પનોતી બેસવી
820. પરચો આપવો / દેખાડવો
821. પરણેલાં પસ્તાય ને કુંવારાં કોડે મરે
822. પરણ્યા નથી પણ પાટલે તો બેઠા છો ને?
823. પરબારું ને પોણાબારું
824. પલાળ્યું છે એટલે મૂંડાવવું તો પડશે જ ને
825. પવન પ્રમાણે પીઠ ફેરવવી / સઢ ફેરવવો
826. પહેલું સુખ તે જાતે નર્યા

827. પહેલે કોળિયે માખી
828. પહેલો ઘા પરમેશ્વરનો
829. પહેલો સગો પાડોશી
830. પહોંચેલ માયા / બુટ્ટી
831. પ્રસાદી ચખાડવી
832. પ્રીત પરાણે ન થાય
833. પંચ કહે તે પરમેશ્વર
834. પાઈ પાઈનો મોહતાજ
835. પાઈની પેદાશ નહિ ને ઘડીની ફુરસદ નહિ
836. પાકા ઘડે કાંઠા ન ચડે
837. પાઘડી ફેરવી નાખવી
838. પાઘડી ભેંસ ચાવી ગઈ
839. પાઘડીનો વળ છેડે આવે

<="" li="">

840. પાટિયાં બેસી જવાં
841. પાટો બાઝવો
842. પાઠ ભણાવવો
843. પાડા મૂંડવાં
844. પાડાના વાંકે પખાલીને ડામ
845. પાડાની જેમ પડ્યા રહેવું
846. પાણી ઉતારવું / ચડાવવું / દેખાડવું / પાવું
ફેરવવું / ભરવું / માપવું / મૂકવું
847. પાણી પહેલા પાળ બાંધી લેવી
848. પાણી પાણી કરી નાખવું
849. પાણી પીને ઘર પૂછવું
850. પાણી માગે ત્યાં દૂધ હાજર
851. પાણીચું આપવું
852. પાણીને મૂલે
853. પાણીમાં બેસી જવું
854. પાણીમાં રહીને મગર સાથે વેર ન બંધાય

855. પાણીમાંથી પોરા કાઢવા
856. પાનો ચડાવવો
857. પાપ છાપરે ચડીને પોકારે
858. પાપ ધોવું
859. પાપડતોડ પહેલવાન
860. પાપડી ભેગી ઈયળ બફાય
861. પાપનો ઘડો ભરાય એટલે ફૂટવાનો જ
862. પાપી પેટનો સવાલ છે
863. પાયાનો પથ્થર
864. પારકા કજિયા ઉછીના ન લેવાય
865. પારકા છોકરાને જતિ કરવા સૌ તૈયાર હોય
866. પારકી અધિયારી / પંચાતમાં શું કામ પડવું ?
867. પારકી આશ સદા નિરાશ
868. પારકી છઠ્ઠીનો જાગતલ
869. પારકી મા જ કાન વિંધે
870. પારકી લેખણ, પારકી શાહી, મત્તું મારે માવજીભાઈ
871. પારકે પાદર પહોળા થવું
872. પારકે પૈસે દિવાળી
873. પારકે પૈસે પરમાનંદ
874. પારકે બાજરે પોંક અને માવજીભાઈ પહોળા
875. પારકે ભાણે લાડુ મોટો દેખાય
876. પાશેરામાં પહેલી પૂણી છે
877. પાંચમની છઠ્ઠ ક્યારે ન થાય
878. પાંચમાં પૂછાય તેવો
879. પાંચે ચ આંગળી ઘીમાં
880. પાંચે ચ આંગળી સરખી ન હોય
881. પાંચે ચ આંગળીએ દેવ પૂજવા
882. પાંદડાની જેમ થર થર ધ્રૂજવું
883. પાંસરુંદોર કરી નાખવું / થઈ જવું
884. પિત્તો જવો / ઊછળવો
885. પિયરની પાલખી કરતાં સાસરિયાની સૂળી સારી
886. પીઠ થાબડવી

887. પીઠ પાછળ ઘા કરવો
888. પીળું તેટલું સોનું નહિ, ઊજળું તેટલું દૂધ નહિ
889. પીળું પચરક
890. પુણ્ય પરવારી જવું
891. પુત્રના લક્ષણ પારણામાંથી ને વહુના લક્ષણ બારણામાંથી
892. પુરાણ માંડવું
893. પૂછતો નર પંડિત થાય
894. પૂજો તો દેવ, નહિ તો પથ્થર
895. પૂળો મૂકવો
896. પૂંછડું પકડ્યું તે પકડ્યું
897. પેટ કરાવે વેઠ
898. પેટ ખોલીને / પેટછૂટી વાત કરવી
899. પેટ ચોળીને શૂળ ઊભું ન કરાય
900. પેટ છે કે પાતાળ ?
901. પેટ ઠારવું / પેટ બાળવું
902. પેટ પકડીને હસવું
903. પેટ પર પાટું મારવું
904. પેટ મોટું રાખવું
905. પેટનું પાણી ન હલવું
906. પેટને ભાડું આપવું
907. પેટનો ખાડો પૂરવો
908. પેટનો બળ્યો ગામ બાળે
909. પેટપૂજા કરવી
910. પેટમાં ક્યાં દુ:ખે છે ?
911. પેટમાં ઘુસી / પેસી જવું
912. પેટમાં પેસીને પગ પહોળા કરવા
913. પેટમાં ફાળ પડવી
914. પેટિયું રળી લેવું
915. પેટે પાટા બાંધવા
916. પેંગડામાં પગ મૂકવો
917. પૈસા તો ડાબા હાથનો મેલ છે
918. પૈસાનાં કંઈ ઝાડ નથી ઊગતાં

919. પૈસાનાં ચાળા / ખેલ
920. પૈસાનું પાણી કરવું
921. પૈસો મારો પરમેશ્વર ને હું પૈસાનો દાસ
922. પોચું ભાળી જવું
923. પોત પ્રકાશવું
924. પોતાના પગ નીચે રેલો આવે ત્યારે જ ખબર પડે
925. પોતાની ગલીમાં કુતરો પણ સિંહ
926. પોતાનો કક્કો જ ખરો કરવો
927. પોતાનો રૂપિયો ખોટો હોય તે બીજાને શું કહે ?
928. પોતિયાં ઢીલા થઈ જવા
929. પોતિયું કાઢીને ઊભા રહેવું
930. પોથી માંહેના રીંગણા
931. પોદળામાં સાંઠો
932. પોપટીયું જ્ઞાન
933. પોપાંબાઈનું રાજ
934. પોબારા ગણી જવા
935. પોલ ખૂલી ગઈ
936. પ્રાણ ને પ્રકૃતિ સાથે જ જાય

ફ

937. ફઈને મૂછ ઉગે તો તેને કાકો કહેવાય
938. ફક્કડ ગિરધારી
939. ફના-ફાતિયા થઈ જવા
940. ફરે તે ચરે ને બાંધ્યું ભૂખે મરે
941. ફસકી જવું / પડવું
942. ફટ છે તને
943. ફટકો ખાવો / મારવો / પડવો
944. ફટાફટ કામ પતાવી નાખવું
945. ફણગો ફૂટવો
946. ફનાફાતિયા થઈ જવું / કરી નાખવું

947. ફાચર મારવી
948. ફાટીને ધુમાડે જવું
949. ફાવ્યો વખણાય
950. ફાળિયું ખંખેરી નાખવું
951. ફિશિયારી મારવી
952. ફીંફાં ખાંડવાં
953. ફુલ નહિ તો ફુલની પાંખડી
954. ફૂલ ફટાક થઈને ફરવું
955. ફૂલાઈને ફાળકો થઈ જવું
956. ફૂટી બદામના ભાવે
957. ફોદેફોદા ઊડી જવા
958. ફાંકો રાખવો
959. ફૂંકી ફૂંકીને પગ મૂકવો

## બ

960. બકરું કાઢતા ઊંટ પેઠું
961. બગભગત-ઠગભગત
962. બગાસું ખાતા પતાસું મળ્યું
963. બત્રીસ કોઠે દીવા પ્રગટ્યા
964. બધો ભાર અંતે કન્યાની કેડ પર આવે
965. બલિદાનનો બકરો
966. બળતાંમાં ઘી હોમવું
967. બળતું ઘર કૃષ્ણાર્પણ કરવું
968. બળિયાના બે ભાગ
969. બક્ષિસ લાખની પણ હિસાબ કોડીનો
970. બંધ બેસતી પાઘડી પહેરી લેવી
971. બાઈ બાઈ ચારણી
972. બાઈને કોઈ લે નહિ ને ભાઈને કોઈ આપે નહિ
973. બાડા ગામમાં બે બારશ
974. બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા

975. બાપ શેર તો દીકરો સવા શેર
976. બાપના કૂવામાં ડુબી ન મરાય
977. બાપના પૈસે તાગડધીન્ના
978. બાપનું નામ બોળવું
979. બાપનું વહાણ ને બેસવાની તાણ
980. બાપે માર્યા વેર
981. બાફી મારવું
982. બાર ગાઉએ બોલી બદલાય
983. બાર બાવા ને તેર ચોકા
984. બાર વરસે બાવો બોલ્યો, જા બેટા દુકાળ પડશે
985. બાર વાગી જવા
986. બાર હાથનું ચીભડું ને તેર હાથનું બી
987. બારમો ચંદ્રમા
988. બારે મેઘ ખાંગા થવા
989. બારે વહાણ ડૂબી જવા
990. બાવળ વાવો તો કાંટા ઉગે અને આંબો વાવો તો કેરી મળે
991. બાવા બાર ને લાડવા ચાર
992. બાવાના બેઉ બગડ્યા
993. બાવો ઉઠ્યો બગલમાં હાથ
994. બાવો બેઠો જપે, જે આવે તે ખપે
995. બાંધી મુઠ્ઠી લાખની, ઉઘાડી વા ખાય
996. બિલાડીના કીધે શીંકુ ન ટૂટે
997. બિલાડીના પેટમાં ખીર ટકે તો બૈરાંના પેટમાં વાત ટકે
998. બિલાડીની ડોકે ઘંટ બાંધે કોણ ?
999. બિલાડીનું બચ્ચું સાત ઘેર ફરે
1000. બિલાડીને દૂધ ભળાવો તો પછી શું થાય ?
1001. બીજાની ચિતા પર પોતાની ભાખરી શેકી લેવી
1002. બીડું ઝડપવું
1003. બુઢી ઘોડી લાલ લગામ
1004. બુંદથી બગડી તે હોજથી ન સુધરે
1005. બુદ્ધિ આગળ બળ પાણી ભરે
1006. બુદ્ધિ કોના બાપની ?

1007. બૂંધ બેસવી
1008. બે આંખની શરમ નડે છે
1009. બે ઘરનો પરોણો ભૂખે મરે
1010. બે ઘોડે સવારી કરવી
1011. બે પાડા લડે તેમાં ઝાડનો ખો નીકળે
1012. બે પાંદડે થવું
1013. બે બદામનો માણસ
1014. બે બાજુની ઢોલકી વગાડવી
1015. બે બિલાડીની લડાઈમાં વાંદરો ફાવે
1016. બે મોઢાનો માણસ
1017. બેઠાંથી બેગારી ભલી
1018. બેઉ હાથમાં લાડવા
1019. બેઠાં બેઠાં ખાધે તો કુબેરના ભંડાર પણ ખૂટી જાય
1020. બૈરાંની બુદ્ધિ પગની પાનીએ
1021. બોકડો વધેરવો
1022. બોડી-બામણીનું ખેતર
1023. બોલીને ફરી જવું
1024. બોલે તેના બોર વેંચાય
1025. બોલ્યું ચાલ્યું માફ કરજો
1026. બ્રાહ્મણી વંઠે તો તરકડે જાય

## ભ

1027. ભગવાનના ઘરનો માણસ
1028. ભગાના ભાઈ જેવું કામ કરવું
1029. ભડનો દીકરો
1030. ભણેલો ભૂલે ત્યારે ભીંત ભૂલે
1031. ભણીગણીને ઊંધા પડી જવું / પોપટ થવું
1032. ભણેગણે તે નામું લખે, ન ભણે તે દીવો ધરે
1033. ભણ્યો પણ ગણ્યો નહિ
1034. ભમરડો ચિતરવો / ફેરવવો

1035. ભરડી મારવું
1036. ભરાઈ પડવું
1037. ભરી પીવું
1038. ભરોસાની ભેંશ પાડો જણે
1039. ભલભલાને ભૂ પાઈ દેવું
1040. ભલાઈનો જમાનો રહ્યો નથી
1041. ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રીગોપાળ
1042. ભાઈ બાપા કરવા
1043. ભાગતા ભૂતની ચોટલી ભલી
1044. ભાગ્યશાળીને ભૂત રળે
1045. ભાજી મૂળાની જેમ
1046. ભાદરવાની ભેંશ
1047. ભાદરવાનો ભીંડો
1048. ભાવતું'તું ને વૈદે કહ્યું
1049. ભાંગરો વાટવો
1050. ભાંગ્યાનો ભેરુ
1051. ભાંગ્યું તો ય ભરુચ
1052. ભાંડો ફૂટી જવો
1053. ભીખના હાંલ્લા શીંકે ન ચડે
1054. ભીંત સાથે માથું પછાડવું
1055. ભીંતને પણ કાન હોય છે
1056. ભીંસમાં લેવો
1057. ભુવો ધૂણે પણ નાળિયેર તો ઘર ભણી જ ફેંકે
1058. ભૂખ્યો ડાંસ
1059. ભૂત ગયું ને પલીત આવ્યું
1060. ભૂતનું સ્થાનક પીપળો
1061. ભૂતોભાઈ પણ ઓળખતો નથી
1062. ભૂલ ચૂક લેવીદેવી
1063. ભૂલ્યા ત્યાંથી ફરી ગણો
1064. ભૂંડાથી ભૂત ભાગે
1065. ભૂંડાને પણ સારો કહેવડાવે તેવો છે
1066. ભેખડે ભરાવી દેવો

1067. ભેજાગેપ
1068. ભેજાનું દહીં કરવું
1069. ભેંશ આગળ ભાગવત
1070. ભેંશ ભાગોળે, છાશ છાગોળે અને ઘેર ધમાધમ
1071. ભેંશ, ભામણ ને ભાજી, ત્રણે ય પાણીથી રાજી
1072. ભેંશના શીંગડા ભેંશને ભારી
1073. ભોઈની પટલાઈ
1074. ભોંય ભારે પડવી
1075. ભોળો ભટાક

## મ

1076. મગ જે પાણીએ ચડતા હોય તે પાણીએ જ ચડાવાય
1077. મગજમાં કીડો સળવળવો / ભૂત ભરાઈ જવું
1078. મગજમાં રાઈ ચડી જવી
1079. મગનું નામ મરી ન પાડે
1080. મગરનાં આંસુ સારવા
1081. મણ મણની ચોપડાવવી
1082. મણનું માથું ભલે જાય પણ નવટાંકનું નાક ન જાય
1083. મતલબનો યાર
1084. મન ઊતરી જવું / ઢચુપચું થઈ જવું
1085. મન દઈને કામ કરવું
1086. મન મનાવવું / મારીને રહેવું / મોટું કરવું
1087. મન હોય તો માળવે જવાય
1088. મન, મોતી ને કાચ, ભાંગ્યા સંધાય નહિ
1089. મનની મનમાં રહી ગઈ
1090. મનનો ઊભરો ઠાલવવો
1091. મનમાં ખાંડ ખાય છે
1092. મનમાં પરણવું ને મનમાં રાંડવું
1093. મનુષ્ય યત્ન, ઈશ્વર કૃપા
1094. મફતનું ખાવું ને મસીદમાં સૂવું

1095. મમથી કામ છે કે ટપટપથી ?
1096. મમરો મૂકવો
1097. મરચાં લાગવા / લેવાં / વાટવાં
1098. મરચું-મીઠું ભભરાવવું
1099. મરતાંને મર ન કહે એવો
1100. મરતાંને સૌ મારે
1101. મરતો ગયો ને મારતો ગયો
1102. મરી ફીટવું
1103. મલાઈ ખાઈ જવી
1104. મસકો મારવો
1105. મસાણમાંથી મડાં બેઠા કરવા
1106. મસીદમાં ગયું'તું જ કોણ?
1107. મહાદેવના ગુણ પૂજારી જાણે
1108. મહેતો મારે ય નહિ અને ભણાવે ય નહિ
1109. મળે તો ઈદ, ન મળે તો રોજા
1110. મંકોડી પહેલવાન
1111. મંજીરા વગાડવા
1112. મા કરતાં માસી વહાલી લાગે
1113. મા તે મા, બીજા બધા વગડાના વા
1114. મા તેવી દીકરી, ઘડો તેવી ઠીકરી
1115. મા મને કોઠીમાંથી કાઢ
1116. મા મૂળો ને બાપ ગાજર
1117. માખણ ચોપડવું / લગાવવું
1118. માગું દીકરીનું હોય - માગું વહુનું ન હોય
1119. માણસ જોઈને વાત કરાય
1120. માણસ માત્ર ભૂલને પાત્ર
1121. માણસ વહાલો નથી, માણસનું કામ વહાલું છે
1122. માથા કરતા પાઘડી મોટી
1123. માથા માથે માથું ન રહેવું
1124. માથાનો ફરેલ
1125. માથાનો મળી ગયો
1126. માથાફોડ કરવી

1127. માથે દુ:ખનાં ઝાડ ઉગવા
1128. માથે પડેલા મફતલાલ
1129. માથે હાથ રાખવો
1130. માના પેટમાંય સખણો નહિ રહ્યો હોય
1131. માને બાપની બૈરી ન કહેવાય
1132. માનો તો દેવ નહિ તો પથ્થર
1133. મામા બનાવવા
1134. મામો રોજ લાડવો ન આપે
1135. માપમાં રહેવું
1136. માર બૂધું ને કર સીધું
1137. માર મોર તોબા પોકારવી
1138. મારવો તો મીર
1139. મારા છગન-મગન બે સોનાના, ગામનાં છોકરાં ગારાના
1140. મારી બલા જાણે
1141. મારીને મુસલમાન કરવો
1142. મારે તેની તલવાર
1143. મારે મોગલ ને ફુલાય પિંજારો
1144. માલ પચી જવો
1145. માશીબાનું રાજ નથી
1146. માંકડને આંખો આવી
1147. માંગ્યા વિના મા પણ ન પીરસે
1148. માંગ્યાં મુક્તાફળ મળે પણ ભીખને માથે ભઠ
1149. માંગ્યાં મેહ વરસે નહિ
1150. માંજરી આંખવાળાનો ભરોસો નહિ
1151. માંડવો બાંધવા સૌ આવે પણ છોડવા કોઈ ન આવે
1152. માંડી વાળેલ
1153. મિજાજ તો ખાંડી એકનો છે
1154. મિજાજ તો માધિયાની મા જેટલો છે
1155. મિયાં ચોરે મૂઠે ને અલ્લા ચોરે ઊંટે
1156. મિયાં મહાદેવનો મેળ કેમ મળે
1157. મિયાંની મીંદડી
1158. મીઠા ઝાડના મૂળ ન ખવાય

1159. મીઠું મરચું ભભરાવીને વાત કરવી
1160. મુવા નહિ ને પાછા થયા
1161. મુવા સાટે જીવતું લે એવો
1162. મુસાભાઈના વા ને પાણી
1163. મુંબઈની કમાણી મુંબઈમાં સમાણી
1164. મુંબઈમાં રોટલો મળી રહે પણ ઓટલો ન મળે
1165. મૂઈ ભેંશના ડોળા મોટા
1166. મૂછ પર લીંબુ લટકાવીને ફરવું
1167. મૂછે વળ આપવો
1168. મૂડી કરતાં વ્યાજ વધુ વહાલું હોય
1169. મૂરખ મિત્ર કરતાં દાનો દુશ્મન સારો
1170. મૂરખના ગાડાં ન ભરાય
1171. મૂરખની માથે શિંગડા ન ઉગે
1172. મેથીપાક ચખાડવો
1173. મેદાન મારવું
1174. મેલ કરવત મોચીના મોચી
1175. મોટા કરે એ લીલા ને નાના કરે તે છિનાળું
1176. મોઢાનો મોળો
1177. મોઢામાં મગ ભર્યા છે ?
1178. મોઢામાંથી ફાટે તો ખબર પડે ને ?
1179. મોઢું કટાણું કરવું / બગાડવું / લટકાવીને ફરવું
1180. મોઢું જોઈને ચાંદલો કરાય
1181. મોઢું વાઘનું પણ છાતી શિયાળની
1182. મોઢું સંતાડતા ફરવું
1183. મોતિયા મરી જવા
1184. મોરના ઈંડાને ચીતરવા ન પડે
1185. મોસાળમાં જમણ અને મા પીરસનાર
1186. મોં કાળું કરવું
1187. મોં ચડાવવું
1188. મોં તોડી લેવું
1189. મોં બંધ કરી દેવું
1190. મોં પરથી માંખી ઉડતી નથી

1191. મોં માથાના મેળ વિનાની વાત
1192. મોંકાણના સમાચાર

## ય–ર

1193. યથા રાજા તથા પ્રજા
1194. યા હોમ કરીને પડો ફત્તેહ છે આગે
1195. રજનું ગજ કરવું
1196. રમત રમવી
1197. રમતા રામ
1198. રમતવાતમાં
1199. રસ ગળે ને કટકા પડે તેવી વાત
1200. રસ્તાની બોરડી સૌ કોઈ ઝૂડે
1201. રંગ ગયા પણ ઢંગ ન ગયા
1202. રંગમાં ભંગ પડવો
1203. રાઈના પહાડ રાતે ગયા

રાઈનો પર્વત કરવો

1204. રાજા, વાજા ને વાંદરા, ત્રણેય સરખા
1205. રાજાને ગમી તે રાણી, છાણા વીણતી આણી
1206. રાત ગઈ અને વાત ગઈ
1207. રાત થોડી ને વેશ ઝાઝા
1208. રાતે પાણીએ રોવાનો વખત
1209. રાફડા ફાટવા
1210. રામ રમાડી દેવા
1211. રામ રાખે તેને કોણ ચાખે
1212. રામ બોલો ભાઈ રામ થઈ જવું / રામશરણ પહોંચવું
1213. રામકહાણી થવી
1214. રામના નામે પથ્થર તરે
1215. રામનું રાજ
1216. રામબાણ ઈલાજ

1217. રામબાણ વાગ્યા હોય તે જાણે
1218. રામાયણ માંડવી
1219. રાંડ્યા પછીનું ડહાપણ
1220. રાંધવા ગયા કંસાર અને થઈ ગયું થૂલું
1221. રાંધેલ ધાન રઝળી પડ્યા
1222. રીંગણાં જોખવા
1223. રૂપ રૂપનો અંબાર
1224. રેતીમાં વહાણ ચલાવવું
1225. રેવડી દાણાદાણ કરી નાખવી
1226. રોકડું પરખાવવું
1227. રોગ ને શત્રુ ઉગતાં જ ડામવા પડે
1228. રોજ ઊઠીને
1229. રોજ મરે એને કોણ રોવે
1230. રોજની રામાયણ
1231. રોટલાથી કામ કે ટપટપથી
1232. રોતો રોતો જાય તે મુવાની ખબર લઈ આવે
1233. રોદણા રોવા

## લ

1234. લખણ ન બદલે લાખા
1235. લખણ લખેસરીનાં અને કરમ કોડીનાં
1236. લખેલું વંચાય
1237. લખ્યા લલાટે લેખ મિથ્યા થાય નહિ
1238. લગનનાં ગીત લગન વખતે જ ગવાય
1239. લગને લગને કુંવારા લાલ
1240. લગ્ન એટલે લાકડાના લાડુ, ખાય તે પસ્તાય અને ન ખાય તે પણ પસ્તાય
1241. લપોડશંખ પાસે માગો લાખ તો કહે આપું સવા લાખ
1242. લમણાંઝીક કરવી
1243. લલ્લા પપ્પા કરવા

1244. લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોં ધોવા ન જવાય
1245. લંકાની લાડી ને ઘોઘાનો વર
1246. લંકામાં સોનું ઘણું હોય પણ તે આપણે શું કામનું ?
1247. લંગોટીયો ચાર
1248. લાકડાની તલવાર ચલાવવી
1249. લાકડે માંકડું વળગાવી દેવું
1250. લાખ મરજો પણ લાખોનો પાલનહાર ન મરજો
1251. લાખ વાતની એક વાત
1252. લાખના બાર હજાર કરવા
1253. લાગ્યું તો તીર, નહિ તો તુક્કો
1254. લાજવાને બદલે ગાજવું
1255. લાલપીળા થવું
1256. લાલો લાભ વિના ન લોટે
1257. લાળાં ચાવવાં
1258. લાવ-લશ્કર સાથે
1259. લાંબા જોડે ટૂંકો જાય, મરે નહિ તો માંદો થાય
1260. લીલા લહેર કરવા
1261. લે લાકડી ને કર મેરાયું
1262. લેતાં લાજે ને આપતાં ગાજે
1263. લેવાનાં કાટલાં જુદાં અને આપવાનાં કાટલાં જુદાં
1264. લોચા વાળવાં
1265. લોઢાના ચણા ચાવવાં
1266. લોભને થોભ ન હોય
1267. લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે
1268. લોભે લક્ષણ જાય
1269. લોહી પાણી એક કરવાં

## વ

1270. વખત જોઈને વાત કરાય
1271. વખાણેલી ખીચડી દાઢે વળગે

1272. વખાનો માર્યો
1273. વગર વિચાર્યું જે કરે પાછળથી પસ્તાય
1274. વટનો કટકો
1275. વઢકણી વહુ ને દીકરો જણ્યો
1276. વર મરો કે કન્યા મરો, ગોરનું તરભાણું ભરો
1277. વર રહ્યો વાસી ને કન્યા ગઈ નાસી
1278. વર વિનાની જાન ન હોય
1279. વરને કોણ વખાણે ? વરની મા !
1280. વરસના વચલા દહાડે
1281. વસુ વિના નર પશુ
1282. વહેતા પાણી નિર્મળા
1283. વહેતા પાણીમાં હાથ ધોઈ લેવા
1284. વહેતી ગંગામાં ડુબકી લગાવવી
1285. વહેમનું કોઈ ઓસડ નથી
1286. વહેલો તે પહેલો
1287. વહેવાર વધાર્યો વધે ને ઘટાડ્યો ઘટે
1288. વહોરાવાળું નાડું પકડી ન રખાય
1289. વા વાતને લઈ જાય
1290. વાઘ પર સવારી કરવી સહેલી છે પણ નીચે ઉતરવું અઘરું છે
1291. વાઘની બોડમાં હાથ ઘાલવો
1292. વાઘને કોણ કહે કે તારું મોં ગંધાય છે
1293. વાજતું ગાજતું માંડવે આવશે
1294. વાટકી વહેવાર
1295. વાડ ચીભડાં ગળે
1296. વાડ વિના વેલો ન ચડે
1297. વાઢી આંગળી ઉપર ન મૂતરે તેવો
1298. વાણિયા વાણિયા ફેરવી તોળ
1299. વાણિયા વિદ્યા કરવી
1300. વાણિયાની મૂછ નીચી તો કહે સાત વાર નીચી
1301. વાણિયો પેટમાં પેસીને પગ પહોળા કરે
1302. વાણિયો રીઝે તો તાળી આપે
1303. વાત ગળે ઉતરવી

1304. વાતનું વતેસર કરવું
1305. વાતમાં કોઈ દમ નથી
1306. વાતુંના વડા કર્યે કંઈ ન વળે
1307. વાતે વાતે વાંકું પડવું
1308. વારા ફરતો વારો, મારા પછી તારો, મે પછી ગારો
1309. વાર્યા ન વળે તે હાર્યા વળે
1310. વાવડી ચસ્કી
1311. વાવો તેવું લણો, કરો તેવું પામો
1312. વાળ વાંકો ન થવો
1313. વાળંદના વાંકા હોય તો કોથળીમાંથી કરડે
1314. વાંકા ચાલવું / વાંકુ પડવું
1315. વાંઢાને કન્યા જોવા ન મોકલાય
1316. વાંદરાને દારૂ પાવો
1317. વાંદરાને સીડી ન અપાય
1318. વાંદરાવેડા કરવા
1319. વાંદરો ઘરડો થાય પણ ગુલાંટ ન ભૂલે
1320. વાઘરી માટે ભેંશ મારે એવો
1321. વાસી વધે નહિ ને કુત્તા ખાય નહિ
1322. વાસીદામાં સાંબેલું જાય
1323. વિદ્યા વાપરી વધે
1324. વિદ્યા વિનયથી શોભે
1325. વિના સહકાર નહિ ઉદ્ધાર
1326. વિનાશકાળે વિપરીત બુદ્ધિ
1327. વિશ્વાસે વહાણ તરે
1328. વીસનખી વાઘણ
1329. વીંછીના દાબડામાં હાથ નાખીએ તો પરિણામ શું આવે?
1330. વેઠ ઉતારવી / કાઢવી
1331. વેળા વેળાની છાંયડી
1332. વેશ લજવવો
1333. વેંત એકની જીભ
1334. વૈકુંઠ નાનું ને ભગતડાં ઝાઝાં
1335. વૈદ, વકીલ અને વેશ્યા ઘરાક ગોતે રોકડિયા

## શ

1336. શરમે ધરમે
1337. શંકા ભૂત અને મંછા ડાકણ
1338. શાંત પાણી ઊંડા હોય
1339. શાંતિ પમાડે તે સંત
1340. શિયા-વિયા થઈ જવું
1341. શિયાળ તાણે સીમ ભણી અને કૂતરું તાણે ગામ ભણી
1342. શિયાળો ભોગીનો, ઉનાળો જોગીનો
1343. શિંગડા, પૂંછડા વિનાનો આખલો
1344. શીરા માટે શ્રાવક થવું
1345. શુક્કરવાર વળવો
1346. શૂળીનું દુઃખ સોઈએ ગયું
1347. શેક્યો પાપડ ભાંગવાની તાકાત નથી
1348. શેઠ આવ્યા તો કહે નાખો વખારે
1349. શેઠ કરતાં વાણોતર ડાહ્યાં
1350. શેઠની શિખામણ ઝાંપા સુધી
1351. શેર માટીની ખોટ
1352. શેરના માથે સવા શેર
1353. શેહ ખાઈ જવી
1354. શોભાનો ગાંઠિયો
1355. શ્રી ગણેશાય નમઃ કરવું

## સ–ષ

1356. સઈ, સોની ને સાળવી ન મૂકે સગી બેનને જાળવી
1357. સઈની સાંજ ને મોચીની સવાર ક્યારે ય ન પડે
1358. સક્કરમીની જીભ ને અક્કરમીના ટાંટિયા
1359. સગપણમાં સાઢુ ને જમણમાં લાડુ
1360. સત્તર પંચા પંચાણું ને બે મૂક્યા છૂટના, લાવો પટેલ સોમાં બે ઓછા
1361. સત્તા આગળ શાણપણ નકામું

1362. સતી શાપ આપે નહિ અને શંખણીના શાપ લાગે નહિ
1363. સમય વરતે સાવધાન
1364. સવા નવ ને પાંચ
1365. સવા મણ તેલે અંધારું
1366. સસ્તુ ભાડું ને સિદ્ધપુરની જાત્રા
1367. સહિયારી સાસુ ને ઉકરડે મોંકાણ
1368. સળગતામાં હાથ ઘાલો તો હાથ તો દાઝે જ ને
1369. સળગતી આગમાં તેલ રેડવું.
1370. સળગતું લાકડું ઘરમાં ન ઘલાય
1371. સ્નાન-સૂતકનો ય સંબંધ નથી.
1372. સ્મશાન વૈરાગ્ય
1373. સંઘર્યો સાપ પણ કામ આવે
1374. સંતોષી નર સદા સુખી
1375. સંસાર છે ચાલ્યા કરે
1376. સાગ, સીસમ ને સોનું, કદી ન થાય જૂનું
1377. સાગમટે પધારજો
1378. સાચને આંચ ન આવે
1379. સાજા ખાય અન્ન ને માંદા ખાય ધન
1380. સાઠે બુદ્ધિ નાઠી
1381. સાત ગરણીએ ગાળીને પાણી પીએ એવું
1382. સાન ઠેકાણે આવવી
1383. સાનમાં સમજે તો સારું
1384. સાપ કાઢતાં ઘો પેઠી
1385. સાપ ગયા અને લીસોટા રહ્યા
1386. સાપ મરે નહીં અને લાઠી ભાંગે નહીં
1387. સાપના દરમાં હાથ નાખવો
1388. સાપને ઘેર સાપ પરોણો
1389. સાપે છછુંદર ગળ્યા જેવી હાલત
1390. સારા કામમાં સો વિઘન
1391. સાવ ભગાના ભાઈ જેવો છે
1392. સિંહ કે શિયાળ ?
1393. સીતાનું હરણ થયું પછી હરણની સીતા થઈ કે નહિ ?

1394. સીદીભાઈને સીદકાં વહાલાં
1395. સીદીભાઈનો ડાબો કાન
1396. સીધી આંગળીએ ઘી ન નીકળે
1397. સીંદરી બળે પણ વળ ન મૂકે
1398. સુખમાં સાંભરે સોની ને દુ:ખમાં સાંભરે રામ
1399. સુતારનું મન બાવળિયે
1400. સુરતનું જમણ ને કાશીનું મરણ
1401. સૂકા ભેગુ લીલું બળે
1402. સૂકો દમ આપવો
1403. સૂતેલો સાપ છંછેડવો નહિ.
1404. સૂપડાં સાફ થઈ ગયાં
1405. સૂરજ છાબડે ઢાંક્યો ન ઢંકાય
1406. સૂરજ સામે ધૂળ ઉછાળીએ તો આપણી આંખમાં પડે
1407. સૂંઠના ગાંગડે ગાંધી ન થવાય
1408. સેવા કરે તેને મેવા મળે
1409. સો દવા એક હવા
1410. સો દહાડા સાસુના તો એક દહાડો વહુનો
1411. સો વાતની એક વાત
1412. સો શાણા પણ અક્કલ એક
1413. સોટી વાગે ચમચમ ને વિદ્યા આવે રૂમઝૂમ
1414. સોના કરતાં ઘડામણ મોંઘું
1415. સોના સાઠ કરવા
1416. સોનાની જાળને પાણીમાં ન ફેંકાય
1417. સોનાની થાળીમાં લોઢાનો મેખ
1418. સોનાનો સૂરજ ઉગવો
1419. સોનામાં સુગંધ મળે
1420. સોનીના સો ઘા તો લુહારનો એક ઘા
1421. સોનું સડે નહિ ને વાણિયો વટલાય નહિ
1422. સોબત તેવી અસર
1423. સોળ વાલ ને એક રતી
1424. સોળે સાન, વીસે વાન
1425. સ્ત્રી ચરિત્રને કોણ પામી શકે ?

1426. સ્ત્રી રહે તો આપથી અને જાય તો સગા બાપથી

## હ–ળ–ક્ષ–જ્ઞ

1427. હતું શું ને ગયું શું ?
1428. હરામના હાડકાં
1429. હલકું લોહી હવાલદારનું
1430. હલકું ફૂલ
1431. હવનમાં હાડકાં હોમવા
1432. હવેલી લેતા ગુજરાત ખોઈ
1433. હસવામાંથી ખસવું થવું
1434. હસવું અને લોટ ફાકવો બન્ને સાથે ન થાય
1435. હસી કાઢવું
1436. હસી હસીને પેટ દુઃખી ગયું
1437. હસે તેનું ઘર વસે
1438. હળાહળ કળજુગ
1439. હા જી હા કરવું
1440. હાકલા-પડકારા કરવા
1441. હાજાં ગગડી જવા
1442. હાડકાં ખોખરાં કરવા / રંગી નાખવાં
1443. હાડકાં પાસળાં એક થઈ જવા
1444. હાડહાડ થવું
1445. હાડોહાડ લાગી આવવું
1446. હાથ અજમાવવો/સાફ કરવો
1447. હાથ ઊંચા કરી દેવા
1448. હાથ કાપી આપવા
1449. હાથ કાળા કરવા
1450. હાથ ખંખેરી નાખવા
1451. હાથ ઘસતા રહી જવું
1452. હાથ દાઝવો
1453. હાથ દેખાડવો

1454. હાથ ધોઈ નાખવા
1455. હાથ ધોઈને પાછળ પડી જવું
1456. હાથ પકડવો / હાથ ઝાલવો
1457. હાથ પીળા કરવા
1458. હાથ ભીડમાં હોવો
1459. હાથ માગવો
1460. હાથ લાંબો કરવો
1461. હાથ વળવો
1462. હાથ વેંતમાં
1463. હાથ હેઠા પડવાં
1464. હાથતાળી આપવી
1465. હાથના કર્યા હૈયે વાગ્યા
1466. હાથની ચળ ઉતારવી
1467. હાથનો ચોખ્ખો
1468. હાથનો છૂટો
1469. હાથપગ દોરડી ને પેટ ગાગરડી
1470. હાથમાં આવ્યું તે હથિયાર
1471. હાથવાટકો
1472. હાથી ઘોડાનો ફરક
1473. હાથી જીવે તો લાખનો, મરે તો સવા લાખનો
1474. હાથીના દાંત દેખાડવાના જુદા અને ચાવવાના જુદા
1475. હાથીના હાથી ચાલ્યા જવા
1476. હાથીની અંબાડીએ ચડી છાણાં ન વિણાય
1477. હાથીની પાછળ કૂતરા ભસે
1478. હાથે-પગે લાગીને કામ કઢાવી લેવું
1479. હાથો બની જવું
1480. હામ, દામ અને ઠામ હોય તો વેપાર થાય
1481. હામી ભરવી
1482. હાર્યો જુગારી બમણું રમે
1483. હિંમતે મર્દા તો મદદે ખુદા
1484. હીરાની કિંમત ઝવેરી જ જાણે
1485. હીરો ઘોઘે જઈ આવ્યો અને ડેલે હાથ દઈ આવ્યો

1486. હું પહોળી ને શેરી સાંકડી
1487. હું મરું પણ તને રાંડ કરું
1488. હું રાણી, તું રાણી તો કોણ ભરે પાણી ?
1489. હુતો ને હુતી બે જણ
1490. હૈયા ઉકલત
1491. હૈયામાં કોતરી રાખવું
1492. હૈયું ખાલી કરવું / ઠલવવું
1493. હૈયું બાળવું તેના કરતા હાથ બાળવા સારા
1494. હૈયે છે પણ હોઠે નથી
1495. હૈયે રામ વસવા
1496. હૈયેહૈયું દળાય એટલું માણસ
1497. હોઠ સાજા તો ઉત્તર ઝાઝા
1498. હોય ત્યારે ઈદ, ન હોય ત્યારે રોજા
1499. હોળી સળગાવવી
1500. હોળીનું નાળિયેર બનાવવું
1501. ક્ષમા વીરનું ભૂષણ છે
1502. જ્ઞાન સમું પવિત્ર આ જગમાં કંઈ નથી

**માવજીભાઈની ઈચ્છા આવી બાવાજી–છાપ હિન્દી કહેવતને પણ ગુજરાતી ગણી તેને ગુજરાતી કહેવતનો દરજ્જો આપવાની છે. શું થાય, બાવા બન્યા હૈ તો હિન્દી બોલ્યા વિના સૂટકા નહિ હૈ ! આપણે બધાં વાતેવાતમાં આવી ટીપીકલ કહેવત ટાંકતાં જ હોઈએ છીએ.**

1. અક્કલ બડી કે ભેંશ ?
2. અપના હાથ જગન્નાથ
3. અપની તાન મેં ગદ્ધા ભી મસ્તાન

4. અબી બોલા, અબી ફોક

5. અંત ભલા તો સબ ભલા

6. આદત સે મજબૂર

7. આપ મુઆ પીછે ડૂબ ગઈ દુનિયા

8. આવ બલા, પકડ ગલા

9. એક પંથ દો કાજ

10. કમ ખાના, ગમ ખાના ઔર નમ જાના

11. કમજોર ઔર ગુસ્સા બહોત

12. કર ભલા તો હોગા ભલા

13. કહેતા ભી દીવાના ઓર સૂનતા ભી દીવાના

14. કાજી દૂબલે ક્યું તો બોલે સારે ગાંવકી ફીકર

15. ખેંચ-પકડ મુઝે જોર આતા હૈ

16. ખુદા દેતા હૈ તો છપ્પર ફાડકે દેતા હૈ

17. ખુદા મહેરબાન તો ગદ્ધા પહેલવાન

18. ઘઉં ખેત મેં, બેટા પેટ મેં, ને લગન પાંચમનાં લીધાં !

19. ઘર કી મુરઘી દાલ બરાબર

20. ઘાયલ કી ગત ઘાયલ જાને

21. ચટ મંગની ને પટ બ્યાહ

22. ચડ જા બેટા શૂળી પર, ખુદા તેરા ભલા કરે

23. ચંપા તુજ મેં તીન ગુણ, રૂપ, રંગ ઓર બાસ

અવગુણ એક હી ભયો, ભ્રમર ન આવે પાસ

24. ચાર દિન કી ચાંદની ફિર અંધેરી રાત

25. જંગ જીત્યો મારો કાણિયો. બહુ ચલે તબ જાણિયો !

26. જાન બચી લાખો પાયે, ઘર કે બુધ્ધુ ઘર કો આયે

27. જિસ કે તડમેં લડુ, ઉસકે તડ મેં હમ

28. જૈસે કો મિલા તૈસા

29. તેરા તેલ ગયા, મેરા ખેલ ગયા

30. તેરી બી ચૂપ ઓર મેરી બી ચૂપ

31. તૂં કિસ ખેત કી મૂલી હૈ ?

32. તેરે માંગન બહોત તો મેરે ભૂપ અનેક

33. દિલ લગા ગધ્ધી સે તો પરી ક્યા ચીજ હૈ !

34. દુનિયા ઝૂકતી હૈ, ઝુકાનેવાલા ચાહિયે

35. ન રહેગા બાંસ, ન બજેગી બાંસુરી

36. નાક કટ્ટા તો કટ્ટા પણ ઘી તો ચટ્ટા !

37. નાગર બચ્ચા કભી ન બોલે સચ્ચા

જો બોલે સચ્ચા તો ઉસકા ગુરુ કચ્ચા !

38. પીર બડા કિ યકીન ?

39. પંચ કી લકડી એક કા બોજ

40. બહોત ગઈ ઓર થોડી રહી

41. બહોત લંબા બેવકૂફ

42. બાપ લાખ, બેટા ચાલીસ હજાર

43. ભૂખે ભજન ન હોઈ ગોપાલા

44. મન ચંગા તો કથરોટ મેં ગંગા

45. મફત કા ચંદન ઘસ બે લાલિયા

46. માન ન માન મૈં તેરા મહેમાન

47. મિયાં પડ્યા પણ ટંગડી ઊંચી

48. મિયાં-બીબી રાજી તો ક્યા કરેગા કાજી

49. મુખ મેં રામ, બગલ મેં છૂરી

50. મુલ્લે કી દૌડ મસ્જિદ તક

51. મેરી બિલ્લી ઓર મૂઝ સે મ્યાઉં

52. રામનામ જપના પરાયા માલ અપના

53. લાતોં કે ભૂત બાતોં સે નહીં માનતે

54. લેના દેના ગંડુ કા કામ હૈ, મહોબત બડી ચીજ હૈ

55. લેને ગઈ પૂત ઔર ખો આઈ ઈસમ

56. વો દિન કહાં કિ મિયાં કે પાંવ મેં જૂતિયા

57. સબ બંદર કા વેપારી

58. સબ સે બડી ચૂપ

59. સમય સમય બલવાન હૈ નહિ મનુજ બલવાન

કાબે અરજુન લુંટિયો વહી ધનુષ વહી બાણ

60. સમરથ કો નહિ દોષ ગુંસાઈ

61. સર સલામત તો પઘડિયાં બહોત

62. સૌ કા હુઆ સાઠ, આધા ગયા નાઠ

દશ દેંગે, દશ દિલવાયેંગે

બાકી દશ મેં લેના ક્યા ઔર દેના ક્યા !

63. સૌ ચૂહે માર કે બિલ્લી ચલી હજ કો

64. હમ ભી ડીચ !

65. હાથ કંગન કો આરસી ક્યા, પઢે લીખે કો ફારસી ક્યા

66. હાલ જાય હવાલ જાય પણ બંદે કા ખયાલ ન જાય

67. હાંક સુલેમાન ગાલ્લી

68. જ્ઞાની સે જ્ઞાની મિલે કરે જ્ઞાનની બાત

ગધે સે ગધા મિલે તો કરે લાતં લાત